ગાંધીનગર સમાચાર

સેક્ટર-૩-બીમાં ફોર્સથી પાણી ન આવતા રહીશોએ ટેન્કર મંગાવ્યા

# ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મનપાના નવરચિત બોર્ડની પ્રથમ બેઠક મળશે

## ગાંધીનગર બહાર લઈ જવાયેલા સભ્યોને આજે મોડી રાત્રે ગાંધીનગર નજીકના ફાર્મ હાઉસ ખાતે લાવી સીધા સામાન્ય સભામાં રજુ કરાશે

ગાંધીનગર, તા. ૪

આગામી ૬ મે ના રોજ ગાંધીનગર મહાનગરપાલિકાના નવા રચાયેલા બોર્ડની પ્રથમ બેઠક ભારે પોલીસ બંદોબસ્ત હેઠળ મનપાના સભાખંડમાં મળશે.

નવરચિત બોર્ડમાં બન્ને પક્ષોને એક સરખી ૧૬-૧૬ બેઠકો મળી હોઈ નવા મેયર સહિતના પદાધિકારીઓની નિયુક્તીને લઈ રાજકીય ઉત્તેજનાઓ ચરમસીમાએ હોઈ મ્યુનિ. કમિશનરશ્રીએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ફાળવવા પોલીસ વડાને જણાવ્યું છે.

આ દિવસે મનપામાં ચૂંટાયેલા સભ્યો, પક્ષના આગેવાનો અને કર્મચારીઓ સિવાય કોઈને પ્રવેશ અપાશે નહિ તેમ જાણવા મળેલ છે.

દરમ્યાન જેમ જેમ સામાન્ય સભાનો દિવસ નજીક આવી રહ્યો છે તેમ તેમ રાજકીય ઉત્તેજનાઓ નગરજનોમાં પણ વધતી જાય છે.

બન્ને પક્ષને મળેલ સરખી બેઠકોને લઈ સરકારે આ સ્થિતિમાં ચીઠ્ઠીનો વિકલ્પ અપનાવવા માટેના નિયમો પણ તૈયાર કરીને જારી કરી દીધા છે.

બીજી તરફ બન્ને પક્ષના ચૂંટાયેલા સભ્યો ગાંધીનગર બહારના પ્રવાસે છે અને તેઓ સીધા સામાન્ય સભામાં આવશે. સામાન્ય સભા શરૂ થતાં પૂર્વે તેમને પક્ષના મેન્ડેટ પણ આપી દેવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર બહાર લઈ જવાયેલા સભ્યોને આજે મોડી રાત્રે ગાંધીનગર નજીકના ફાર્મ હાઉસમાં રાખવામાં આવશે અને ત્યાંથી સીધા મનપાના સભાખંડમાં જ લાવવામાં આવશે.



ગાંધીનગર મહાનગરપાલિકા અને ચાર નગરપાલિકાઓ તેમજ ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળને આજે વિકાસના કામો માટે રૂ. ૪૮.૫૫ કરોડની ગ્રાન્ટના ચેકો એનાયત કરવામાં આવ્યા છે. આજે મહાત્મા મંદિર ખાતે યોજાયેલ ચેક વિતરણ સમારોહમાં આ ચેક મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે એનાયત કરાયા હતા. ગાંધીનગર મહાનગરપાલિકાને રૂ. ૨૩.૫૮ કરોડનો ચેક મુખ્યમંત્રીશ્રીના હસ્તે મેયર શ્રીમતિ હંસાબેન મોદી અને મ્યુનિ. કમિશનર શ્રી ડી.એન. મોદીએ સ્વીકાર્યો હતો. જ્યારે પેથાપુર નગરપાલિકાના નગરપતિ શ્રી આર. વાઘેલા અને ચીફ ઓફિસરશ્રીએ સ્વીકાર્યો હતો. ગુડાના ચેરમેન શ્રી આશિષ દવે અને મુખ્ય વહીવટી અધિકારી શ્રી ડી.એન. મોદીએ પણ રૂ. ૧૪.૫૦ કરોડનો ચેક સ્વીકાર્યો હતો. ગાંધીનગર જિલ્લાની ચાર નગરપાલિકાઓમાં કલોલને રૂ. ૬.૭૨ કરોડનો ચેક, દહેગામને રૂ. ૧.૩૪ કરોડ, માણસાને ૧.૬૭ કરોડ અને પેથાપુર નગરપાલિકાને રૂ. ૭૪ લાખનો ચેક એનાયત કરાયો હતો.



### નીટના મામલે વાલીઓએ સરકાર સામે વિરોધ વ્યક્ત કર્યો

નીટના મામલે આજે વાલીઓએ સચિવાલયમાં અને પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે વિરોધ વ્યક્ત કર્યો હતો. વાલીઓએ આજે પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે એકઠા થઈ સૂત્રોચ્ચાર કરી ગુજસેટની માંગણી કરી હતી. જેના પગલે પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણીએ વાલીઓને સમજાવી આરોગ્યમંત્રી સમક્ષ રજુઆત કરવા જવાનું કહેતા વાલીઓ સચીવાલય આવ્યા હતા. સ્વર્ણિમ સંકુલ એકમાં કેટલાક વાલીઓને જવા દેવામાં ન આવતા વાલીઓએ રોષ વ્યક્ત કરીને સૂત્રોચ્ચાર કરી સરકાર સામે દેખાવો કર્યા હતા.

# શહેરના સરકારી આવાસોનો સર્વે ચોમાસા પુર્વે કામ પુર્ણ કરી દેવાશે

## સ્થળ તપાસ કરી બાંધકામની સલામતી અંગે સર્વે કરાશે : ચોમાસા દરમિયાન કોઇપણ દુર્ઘટના ન સર્જાય તે માટે રેપિડ વિઝ્યુઅલ સર્વે

ગાંધીનગર તા ૪

આગામી ચોમાસા પુર્વે શહેરના સરકારી મકાનોનો રેપિડ વિઝ્યુઅલ સર્વે પુર્ણ કરવામાં આવશે જેના આધારે સરકારી મકાનો બાંધકામની દ્રષ્ટીએ સલામત છે કે કેમ તે અંગેનો તાગ મેળવાશે. જયારે આ દરમિયાન કોઈપણ મકાનની હાલત ભયજનક માલુમ પડશે તો ફોટા સાથેનો રીપોર્ટ તૈયાર કરી વિભાગ કક્ષાએ રજુ કરવામાં આવશે.

શેહરમાં વિવિધ કેટેગરીના અંદાજિત ૧૬ હજાર જેટલા સરકારી આવાસો છે. જયારે આ પૈકી ઘણાંખરા મકાનોની હાલત ભયજનક હોવાનો સુર ઉઠવા પામ્યો છે. શેહરમાં નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ પુર્ણતાના આરે છે.જયારે સેકટરોમાં સરકારી મકાનોમાંથી પોપડા ખરવાના

● અનુસંધાન પાન-૭ પર

# એસ.ટી. ડેપોમાં ટુંક સમયમાં જ પોલીસ ચોકી શરૂ કરી દેવાશે

## ડેપો દ્વારા જગ્યા ફાળવવામાં આવશે : પોલીસે પણ ડેપો સંકુલમાં સ્થળ સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ

ગાંધીનગર તા ૪

શહેરના એસ ટી ડેપોમાં લાંબા સમયના અંતે પણ પોલીસ ચોકી શરૂ ન થતા મુસાફરોના રોજબરોજ ખિસ્સા કતરાતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ડેપોમાં પોલીસ પહેરાના અભાવે ચોર ગઠીયાઓ બિન્દાસ્ત બન્યા છે. ત્યારે જગ્યા ન ફળવાતા પોલીસ ચોકીનુ ઠેકાણુ પડયુ નથી. જો કે ડેપો સંકુલમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે ટુંકમાં જ જગ્યા નિયત કરી દેવાશે તેમ પણ ડેપો મેનેજરે જણાંવ્યુ છે. પોલીસે આ માટે ડેપોની મુલાકાત લઈ સ્થળ નિરિક્ષણ કર્યુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં વર્ષોના અંતે પણ પોલીસ ચોકી કાર્યરત ન થતા તસ્કરી વૃતિને દિન પ્રિતિદિન વેગ મળી રહયો છે. રોજ બરોજ મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બની રહયા છે. ગઈકાલે પણ એસ ટી ડેપોમાં એક મહીલાનુ પર્સ ચોરયુ હતુ. જયારે એક મોબાઈલ ચોર પણ ઝડપાયો હતો. અગાઉ પણ એસ ટી ડેપોમાં મહીલાઓના ગળામાંથી દોરાની તફડંચી સહીતના ચોરીના કીસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. જયારે પોલીસ પહેરાના અભાવ વચ્ચે આમ નાગરિકોની સલામતી સામે પ્રશ્ન મંડરાયો છે. ત્યારે લાંબા સમયથી ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવાનો મામલો ગુંચવાયો છે. ગઈકાલે પણ પીક પોકેટીંગ તેમજ મોબાઈલ ચોરીનો કીસ્સો પ્રકાશમાં આવતા ડેપો સંકુલની સલામતી સામે પણ પ્રશ્ન મંડરાયો છે. જો કે પોલીસ દ્વારા પણ ડેપો સંકુલની મુલાકાત લઈ ચોકી શરૂ કરવા માટે હકારાત્મક અભિગમ દાખવવામાં આવતા આગામી સમયમાં ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરી દેવાશે તેમ પણ જણાંવાયુ છે. ડેપોમાં પોલીસ ચોકી માટે ટુંકમાં જ જગ્યા નિયત કરી દેવાશે.

# સેક્ટર-૩-બીમાં ફોર્સથી પાણી ન આવતા રહીશોએ ટેન્કર મંગાવ્યા

## નવા સેકટરોમાં પાણીની પોકાર રહીશોમાં આક્રોશ

ગાંધીનગર તા ૪

આકરી ગરમીમાં નવા સેકટરોમાં છાશવારે પાણીની પોકાર ઉઠવા પામે છે. સે- ૩ બી માં ફોર્સથી પાણી ન આવતા આજે સ્થાનિક રહીશોએ હાલાકી વેઠવી પડી હતી. જયારે પાણીની પોકારને ડામવા માટે કેટલાક રહીશોએ રોજિંદા ઉપયોગ માટે પાણીનુ ટેન્કર મંગાવાની નોબત આવી હતી.

શહેરમાં ગરમીનુ પ્રમાણ વધતા પાણીનો વપરાશ વધ્યો છે. ત્યારે નવા સેકટરોમાં ઉનાળાની શરૂઆતથી પાણીની પોકાર ઉઠવા પામી છે. થોડા દિવસો અગાઉ પણ સેકટરોમાં પાણી ન આવતુ હોવાની બુમરાણ મચી

● અનુસંધાન પાન-૭ પર

# નગરોના સંતુલિત વિકાસ માટે તંત્ર અને ચૂંટાયેલી પાંખ સુયોગ્ય સંકલનથી આગળ વધે : મુખ્યમંત્રી

## ૬૬ નગરપાલિકાઓએ સરકારે ફાળવેલ અનુદાનની ૫૦ ટકા રકમ પણ ખર્ચી નથી પ્રજાને સારી સેવાઓ જોઈએ છીએ તે માટે તંત્ર કાર્યવાહી કરે તે જરૂરી છે : આનંદીબેન

ગાંધીનગર, તા. ૪

રાજ્યની નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓના વહીવટીતંત્રમાં અધિકારીઓ સુચારૂ આયોજન વિકાસના કામો માટે કરે તેમજ ચૂંટાયેલી પાંખો સાથે સંકલનમાં રહી લોકોની સુખાકારી વધે તે માટેના પ્રયાસોમાં તેમનું યોગદાન આપે તે જરૂરી છે તેમ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આજે શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના સૌને ટપારતાં કહ્યું હતું.

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે રૂ. ૨૬૦૦ કરોડના અનુદાનના ચેક વિતરણ સમારોહમાં સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે ૬૬ નગરપાલિકાઓ એવી છે જેમણે સરકારે આપેલ અનુદાનની ૫૦ ટકા રકમનો પણ ખર્ચ કર્યો નથી. તો સાત જેટલી નગરપાલિકાઓ રાણાવાવ, ઠાસરા, સિદ્ધપુર, સાવલી જેવી એવી છે જેમણે માત્ર ૨૦ ટકા જ ખર્ચ કર્યો છે.





તેમણે કહ્યું કે પ્રજાજનો ટેક્સના માળખા કે અન્ય ફી વસુલો તો વિરોધ કરે છે તેવુ નથી પણ તેમાં સેવાઓ જે સ્તરની આપવી જોઈએ તેમાં ઉણા ઉતરી રહ્યા છો તેનો વિરોધ કરે છે.

તેમણે તંત્રને વધુ સેવાભિમુખ બનવાની ટકોર કરી જણાવ્યું હતું કે અધિકારીઓ પણ તંત્રની સુધારણા માટેના સુઝાવ આપે અને તે દિશામાં પગલાં લે તે જરૂરી છે.

મુખ્યમંત્રી શ્રીમતિ પટેલે જણાવ્યું હતુ કે રાજ્ય સરકાર હવે અર્બન પ્રોફાઈલ તૈયાર કરી રહી છે જેથી શહેરના સંતુલિત વિકાસ પર ધ્યાન કેન્દ્રીત થઈ શકે. તેમણે જણાવ્યુ કે શહેરોના વિકાસની સાથે સુવિધાઓનો પણ વ્યાપ વધવો જોઈએ. વિકાસ સંતુલિત હોવો

● અનુસંધાન પાન-૭ પર

### જન પ્રતિનિધિની સક્રિયતા અંગે મુખ્યમંત્રીની શીખ

ગાંધીનગર, તા. ૪

સપ્તાહમાં બે વખત પોતાના વિસ્તારમાં ફરી સ્વચ્છતા જાળવણી માટે નગરસેવકો સક્રિય બને તેવી શીખામણ આજે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આપી છે. તેમણે જણાવ્યું છે કે નગરસેવક કયા પક્ષનો છે તે મહત્વનું નથી પણ જન પ્રતિનિધિ તરીકે જનતાને સ્વચ્છતા વિશે જાગૃત કરે અને સ્વચ્છતા જાળવણીમાં લોકોને સહયોગ આપવા સક્રિય બને તે માટે પ્રોત્સાહિત કરે તે જરૂરી છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે નગરસેવકો તેમના વિસ્તારની શાળાની પણ મુલાકાત લે અને ત્યાં પણ સ્વચ્છતા અને શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે સક્રિય યોગદાન આપે તે જરૂરી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

પલ્ટાતું વાતાવરણ - બુધવારે બપોરે એકાએક વાદળો ધસી આવતા શહેર-જીલ્લામાં વાતાવરણ પલ્ટાયું હતું... વાદળોના કારણે ગરમીનો પારો ૩ ડિગ્રી ગગડ્યો હતો... રાજ્યના કેટલાક વિસ્તારોમાં છાંટા પડ્યાના અહેવાલો પણ છે... ગ્લોબલ વૉર્મિંગના પગલે અઠવાડિયામાં પાંચ દિવસ ગરમી અને બે દિવસમાં ઘેરાતા વાદળો પાકને નુકસાનકર્તા બની શકે છે.... સાથે સાથે આરોગ્ય માટે પણ બદલાતું વાતાવરણ હાનિકારક છે....

### પ્રાર્થના સભા



**અ.સૌ. શર્મિષ્ઠાબેન ધનંજય વ્હોરા**નો સ્વર્ગવાસ તા. ૩/૫/૨૦૧૬ના રોજ થયેલ છે. **સ્વર્ગસ્થની પ્રાર્થના સભા તા. ૫/૫/૨૦૧૬ને ગુરૂવારના રોજ સાંજે ૬.૦૦ થી ૭.૦૦ સુધી** નીચેના સ્થળે રાખવામાં આવે છે.

**સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ હોલ, સેક્ટર-૭, પોલીસ ચોકી સામે, ગાંધીનગર**

ધનંજય બટુકરાય વ્હોરા

ગુંજન ધનંજય વ્હોરા (પુત્ર) — દર્શના ગુંજન વ્હોરા (પુત્રવધુ)

કાર્તિક ધનંજય વ્હોરા (પુત્ર) — મંજરી કાર્તિક વ્હોરા (પુત્રવધુ)

અંકુર અશ્વિનભાઈ મહેતા (જમાઈ) — ઝરણા અંકુર મહેતા (પુત્રી)

શુભારંભ
શ્રી સજનબા વડીલ વિસામો (ઘરડા ઘર)
તા. ૧૧/૫/૨૦૧૬, બુધવારથી
શું આપ અહીં આવવા માંગો છો ? તો આપનું સ્વાગત છે...
સંપર્ક કરો અથવા ફોન કરો આપને આવવાની વ્યવસ્થા અમો ગોઠવીશું.
સ્થળ : 'કલ્યાણધામ', મુ. કલ્યાણજીના મુવાડા, રખિયાલ, તા. દહેગામ, જી. ગાંધીનગર
મો. : ૯૬૮૭૦ ૨૭૯૧૨, ૯૪૦૮૧ ૫૦૭૨૪, ૯૪૦૮૧ ૫૦૭૨૩

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ટચુકડી જાહેર ખબર
માત્ર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

૧૨/૫/૨૦૧૬થી શરૂ થતી
શ્રી વાળીનાથ ક્રિકેટ ટુર્નામેન્ટ
ગાંધીનગર
નામ નોંધાવવા સંપર્ક કરો
મો. : ૯૮૨૪૩ ૯૬૪૧૯
મો. : ૯૦૯૯૯ ૫૯૯૩૯

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ભારતમાં સર્વાધિક ઝડપથી વધતી રિટેલ ફાઈનાન્સ MNC, ફુલર્ટન ઈન્ડિયામાં, શામિલ થઈ જાવ અને પોતાના સોનેરી ભવિષ્યને ચોક્કસ કરો.
ગુજરાતની તમામ શાખાઓ માટે જોઈએ છે.
સેલ્સ ઓફિસર — લોન અગેઈન્સ્ટ પ્રોપર્ટી /મોર્ગેજ લોન માં અનુભવ ધરાવતા કેન્ડિડેટ આવકાર્ય. બિનઅનુભવી પણ અરજી કરી શકે
સેલ્સ મેનેજર — 2-3 વર્ષના અનુભવી સ્નાતકો. ટીમ હેન્ડલીંગ અનુભવ આવકાર્ય
Walk-in Interview 7 મે,2016 નીચેના જણાવેલ સ્થળે રાખેલ છે.
સમય : સવારે 10 થી સાંજે 5
નવસારી — 460/D/1, અયોધ્યાનગર -2, પો.વેજલપુર, તા.જલાલપુર, નવસારી.
ગોધરા — હાઉસ નં.9, 'તૃપ્તી', જ્યોતિ સોસાયટી, વરીયા છાત્રાલય પાછળ, કોલેજ રોડ.
હિંમતનગર — 1, રીતુ નિવાસ, અર્પણા આશ્રમની બાજુમાં, મોતીપુરા.
નડિયાદ — 31, પુરુષોત્તમ પાર્ક, ડેરી રોડ, નડિયાદ.
ઓગણજ — પહેલો અને બીજો માળ, ઠાકોર વાસ, બસ સ્ટોપ પાસે.
પાદરા — ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર,એ - 21, અંબાલાલ પાર્ક સોસાયટી, તાજપુરા રોડ.
બોરસદ — 4, દિવ્યપાર્ક સોસાયટી, પાણીની ટાંકીની બાજુમાં, વાસદ રોડ, બોરસદ.
સંપર્ક: (079) 40204614 / 666 / 646 / 677
રૂબરૂ ન આવી શકે તેવા કેન્ડીડેટ બાયોડેટા ઈમેલ કરો : vinay.harshe@fullertonindia.com
ફુલર્ટન ઈન્ડિયા પર કારકીર્દિની તકો અંગે વધુ જાણવા, કૃપા કરી www.fullertonindia.com પર લૉગ ઈન અને નોંધણી કરો.
Fullerton India

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com